બનાસની ધરતી પર પ્રધાનમંત્રી : બનાસ ડેરીના પ્લાન્ટનો શુભારંભ તથા ગલબાભાઈ ચૌધરીની જન્મ શતાબ્દીના પ્રારંભ માટે પધારેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું હતું. ડીસા ખાતે યોજાયેલા લોકાર્પણ સમારોહમાં હજ્જારો પશુપાલકો અને ખેડૂતો ઉમટ્યા હતા. પ્રધાનમંત્રીના વરદ્‌હસ્તે પશુપાલક મહિલાઓનું પણ સન્માન કરાયું હતું. પ્રધાનમંત્રીએ બનાસકાંઠાને બિરદાવતા ગૌરવ અનુભવ્યું હતું અને હજુ આગામી પડકારોને પહોંચવા બનાસકાંઠાવાસીઓ ખૂબ સંઘર્ષ કરે એવું આહ્‌વાન કર્યું હતું. બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રધાનમંત્રીને આવકારી રાજ્યના વિકાસની રૂપરેખા આપી હતી.

છપ્પનની છાતી હોય એ જ નોટબંધીનો નિર્ણય લઈ શકે : રૂપાણી

કોંગ્રેસની માનસિકતા છતી થઈ છે : કોંગ્રેસ પાકિસ્તાનની ભાષા બોલી રહી છે : મુખ્યમંત્રીના વિપક્ષ પર તીવ્ર પ્રહારો

ડીસા, તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બનાસની ધરતી પર બનાસ ડેરીના આદ્યસ્થાપક ગલબાભાઈની જન્મશતાબ્દી ઉત્સવને આવકારતા કહ્યું કે, ખેડુતોને આર્થિક રીતે સદ્ધર

બનાવવા માટે બનાસ ડેરી દ્વારા આજે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ થયું છે જેના કારણે બનાસકાંઠા જિલ્લા આગામી સમયમાં ગુજરાતનો સૌથી સમૃદ્ધ જિલ્લો બનશે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ઉત્તર ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિર્ઘ વિઝનથી આજે જ્યોતિગ્રામ યોજના અને નર્મદાના નીર છેવાડાના વિસ્તાર સુધી બનાસકાંઠાને પુરા પાડ્યા છે જેના પગલે પછાત ગણાતો જિલ્લો સમૃદ્ધ થયો છે. જિલ્લામાં ૨૮૦૦થી વધુ ચેકડેમો અને ૭૦૦થી વધુ તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. બનાસકાંઠા બટાટા અને દાડમના ઉત્પાદનમાં એશિયામાં પ્રથમ રહ્યો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, બનાસકાંઠાના ખેડુતોના ઉત્પાદનને મુલ્યવર્ધન દ્વારા વધુ આવક મળે તે માટે બટાટાની ચીપ્સ, ફ્રાય બનાવી વેચાણ થાય તે માટે રાજય સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે. તેમણે કહ્યું કે નાબાર્ડ દ્વારા ૪૦૦ કરોડનું રોકાણ કરશે તે માટે રાજય સરકાર પાંચ કરોડની સહાય પ્રતિવર્ષ કરશે. તેમણે ઉમેર્યું હતું કે, મધમાખીના ઉત્પાદનમાં પણ વૃદ્ધિ થાય તે માટે રાજય સરકાર ૨૬ કરોડની સહાય કરશે સાથે કાંકરેજી ગાયની ઓલાદનું સંવર્ધન થાય તે માટે જમીન માટે આજે એમઓયુ કરવામાં આવ્યા છે જેનાથી કાંકરેજી ગાયની ઓલાદનું સંવર્ધન થશે. તેમણે ઉમેર્યું હતું કે, આજે બનાસકાંઠા જિલ્લાના વિકાસનો દિવસ છે. આવનાર સમયમાં વડગામ, પાલનપુર, ધાનેરા, અને ડીસાને પણ નર્મદાના નીર મળી રહે તે માટે રાજય સરકાર બજેટમાં જોગવાઈ કરનાર છે. રાજયનો સર્વાંગી વિકાસ થાય તે માટે નિર્ધાર કરીને સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે. ત્યારે રાજયના પ્રત્યેક ખેડુતને આર્થિક રીતે વધુ સમૃદ્ધ બનાવવા આપણે સહિયારો પ્રયાસ કરવો પડશે.

છોડાશે નહીં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેતવણી આપતા કહ્યું હતું કે, ૮મી નવેમ્બર પછી જે લોકોએ કાળાધોળા કર્યા છે તે લોકો શાનમાં સમજી જાય તે જરૂરી છે. ઉપરાંત આઠમી નવેમ્બર પછીથી થયેલા તમામ શંકાસ્પદ ટ્રાન્ઝિક્શનોની તપાસ કરાશે તેમ પણ તેમણે કહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ડીસા ખાતે બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પોને લોકાર્પિત કરી બનાસકાંઠાના કિસોનોના કઠોર પુરૂષાર્થની સાફલ્યગાથાને દોહરાવી હતી. આ પ્રસંગે વડાપ્રધાનએ કેન્દ્ર સરકારના હિંમતભર્યા નિર્ણયો માત્ર ને માત્ર રાષ્ટ્રહિત અને દેશના સામાન્ય નાગરિકોના હિતને કેન્દ્રમાં રાખીને લેવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. નોટબંધીના નિર્ણયને દેશહિત માટેનો હિંમત ભર્યો નિર્ણય ગણાવતાં વડાપ્રધાન મોદીએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર સવા સો કરોડ નાગરિકોના સર્વાંગી હિત માટે હિંમ્મત ભર્યા કપરા નિર્ણયો લઈ રહી છે. ત્યારે વિરોધીઓ વિરોધ કરવા ખાતર વિરોધ કરીને અંતરાયો ઉભા કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે સરકારની ટીકા કરવી એ લોકશાહીમાં વિરોધપક્ષની મહત્વની ભૂમિકા છે.

નવી નોટો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આયકરવિભાગની ટીમે દરોડાની કાર્યવાહીમાં વેપારીના બાથરુમમાં પણ તપાસ હાથ ધરી હતી. ચોંકાવનારી બાબત તો એ છે કે, બાથરુમમાં આ વેપારીએ સિક્રેટ લોકર બનાવ્યું હતું. આ સિક્રેટ લોકરમાંથી આઈટીને ૩૨ કિલોના સોના અને ચાંદીના ઘરેણા પણ મળી આવ્યા છે. દરમિયાન શેખર રેડ્ડીને ત્યાં જે કાર્યવાહી કરવામાં આવી તેમાં આઈટી વિભાગને એવી પણ માહિતી મળી છે કે, શેખરની સાથે એક અન્ય શખ્સ પણ આ કારોબારમાં સંડોવાયેલો છે જે મની લોન્ડરિંગ અને એક્સચેંજની કાર્યવાહી કરે છે. આ અંગે આયકર વિભાગે અનેક વાંધાજનક દસ્તાવેજો પણ મેળવ્યા છે. દરોડાની કાર્યવાહી સમયે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઈને પણ આયકર વિભાગે જાણ કરી છે જેથી કરીને મનીલોન્ડરિંગ મામલે આ લોકોની તપાસ થઈ શકે.

વાવાઝોડુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને કેટલી તૈયારીઓ કરવામાં આવી છે તેની વિગતવાર માહિતી મેળવી હતી. તેમણે તંત્રને ખડેપગે રહેવાના પણ આદેશ કર્યા છે. જો કે, વરદા બંગાળની ખાડીમાં ઉદ્‌ભવ્યું છે પરંતુ તેનું નામ પાકિસ્તાને રાખ્યું છે. પાકિસ્તાને આ વાવાઝોડાનું નામ વરદા આપ્યું છે.

આવનારા બે દિવસની અંદર આ ચક્રવાતી વાવાઝોડુ બંગાળની ખાડી તટને પાર કરી આંધ્રપ્રદેશના તટીય વિસ્તારો ત્રાકોઈપણ પ્રકારની ઉભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારે નેલ્લોર, પ્રકાશમ, ગંટુર અને કૃષ્ણા જિલ્લાના વહીવટી તંત્રને હાઈએલર્ટ પર રાખ્યા છે. વરદાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી નાયડુએ ખાડી રાષ્ટ્રોના પોતાના પ્રવાસને પણ રદ કર્યો છે. ચંદ્રાબાબુ નાયડુ આવતીકાલે આ રાષ્ટ્રોના પ્રવાસે જવા રવાના થવાના હતા.

જિલ્લામાં ૧૦૦ પી.ઓ.એસ. મશીનો આપવામાં આવ્યા..!

ડીજીટલ પેમેન્ટ માટે લોકોને શિક્ષિત કરવામાં આવી રહ્યા છે : ૧.૫૦ લાખ લોકો પાસે રૂપેકાર્ડ છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ડિજીટલ પેમેન્ટ માટે ૧૦૦ જેટલા સ્વાઈપ મશીન (પી.ઓ.એસ. મશીન) બેંકો દ્વારા અત્યાર સુધીમાં પુરા પાડવામાં આવ્યા છે. જો કે હજુ આ ડિમાન્ડ ગણી બધી હોવાનું બેંકીંગ ક્ષેત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોટબંધીને પગલે ૧૨ હજાર જેટલા નવા બેંક ખાતાં ખુલ્યા છે જ્યારે પાંચ હજાર જેટલા જનધન એકાઉન્ટસ પણ ખોલવાની બેંકોએ કામગીરી કરી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧.૫૦ લાખ કરતાં વધુ લોકો પાસે રૂપે કાર્ડ પણ હાલ ઉપલબ્ધ છે. વધુ રૂપે કાર્ડનું વિતરણ આગામી દિવસોમાં કરવા માટેનું આયોજન આખરી કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાને પ્રથમ કેશલેસ બનાવવાની કામગીરી પણ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે અને ગુરૂવાર સુધીમાં આ ગામને કેશલેસ ઘોષિત કરી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

વડાપ્રધાનશ્રીને અમદાવાદ એરપોર્ટ પર ભાવપૂર્ણ વિદાયમાન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આજની ગુજરાતની મુલાકાત પૂર્ણ થતાં અમદાવાદ એરપોર્ટ ખાતેથી તેમને ભાવપૂર્ણ વિદાય આપવામાં આવી હતી. આ વિદાય પ્રસંગે રાજયપાલ શ્રી ઓ.પી.કોહલી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ભા.જ.પા. પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણી, શહેર મેયર શ્રી ગૌતમભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં વિરોધ કરતા કોંગીના ધારાસભ્યોની અટકાયત કરાઈ

ડીસા, તા.૧૦

ઉત્તર ગુજરાતમાં જ્યારે મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ આપેલ વિવિધ વચનો પણ હકીકતમાં ૧૪ વર્ષના મુખ્યમંત્રી તરીકેના અને છેલ્લા ૨.૫ વર્ષના પ્રધાનમંત્રી તરીકે કાર્યકાળમાં એક પણ વચન પાળવામાં આવ્યું નથી અને આ વચનો સમગ્ર દેશમાં જે રીતે ૧૫-૧૫ લાખ દરેકના ખાતામાં જમા થશે, મોંઘવારી ઘટશે, અચ્છે દિન, ખેડુતોને સ્થિતિ સુધરશે, શિક્ષણ આરોગ્ય સેવાઓમાં સુધારો થશે આ બધાં વચનો ધીમે ધીમે દેશવાસીઓ માટે ઝુમલા બની ગયા છે અને તે અંગે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાથી મંત્રીઓ તમામ મુલાકાતોમાં ઝુમલા તરીકે સંબોધે છે ત્યારે વડાપ્રધાનએ આપેલા જુદા જુદા વચનો ખાસ કરીને ખેડુતોને પશુપાલકોને અને ઉત્તર ગુજરાતની જનતાને તે બાબતો યાદ કરાવવા કોંગ્રેસ પક્ષ દ્વારા ઉત્તર ગુજરાતના આગેવાનો સ્થાનિક ધારાસભ્યઓ, કાર્યકરોએ જુદા જુદા વિસ્તારોમાં દેખાવો કરીને જાગૃતિ કાર્યક્રમ કર્યા હતા. ભાજપ સરકારના ઈશારે કોંગ્રેસપક્ષના ધારાસભ્યો આગેવાનોની અટકાયત ધરપકડ કરવામાં આવી હતી. ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, અમિત

ચૌધરીની આગેવાનીમાં ૩૦૦થી વધુ કાર્યકરો સહિત છાપી પોલીસે અટકાયત કરાઈ હતી. ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, મહેશભાઈ પટેલ, મણીભાઈ વાઘેલા અને કાન્તીભાઈ ખરાડી સહિત ૧૦૦૦થી વધુ કાર્યકરો આગેવાનોની અટકાયત કરીને પાલનપુર હેડક્વાટર લઈ જવામાં આવ્યા હતા. ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ અને ૧૦૦થી વધુ કાર્યકરો આગેવાનોની અટકાયત કરીને ધાનેરા પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર પોલીસ તંત્ર કોંગ્રેસના કાર્યકરો આગેવાનોને વિવિધ કાર્યક્રમોમાં જતાં આવતા અટકાવવામાં આવતા હતા અને સતત ભયનું વાતાવરણ ઉભું કરવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસપક્ષના કાર્યકરો આગેવાનોએ નાગરિકોને સાથે રાખી ભાજપ પ્રધાનમંત્રીની જુમલાનિતી જુઠ્ઠાણા નિતી સામે ઠેર ઠેર વિરોધ નોંધાવ્યો હતો.

વાપી-સેલવાસ રોડ પર હિટ એન્ડ રન : ચારના મોત

અમદાવાદ, તા.૧૦

વલસાડ જિલ્લાના વાપી સેલવાસ રોડ પર ગત મોડી રાત્રે મહિન્દ્રા એસયુવી કારચાલકે બે બાઈક પર જતાં ચાર યુવકોને અડફેટે લેતાં તેઓના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. અકસ્માત બાદ કારચાલક કાર મુકી નાસી છુટ્યો હતો. વાપી જીઆઈડીસી પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જોકે અકસ્માત સર્જનાર કાર વાપી નગરપાલિકાના એક કોર્પોરેટરની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ગત મોડી રાત્રે વાપી સેલવાસ રોડ પર આવેલા ચણોદ ગામમાંથી પુરપાટ ઝડપે એક મહિન્દ્રા એસયુવી કાર નીકળી હતી. આ કારચાલકે સૌ પ્રથમ ચણોદ ગામના દરવાજા નજીક બાઈક લઈને પસાર થતાં દિનેશભાઈ નામના એક વ્યક્તિને ટક્કર મારી હતી. જોકે આ અકસ્માતમાં દિનેશભાઈ બચી ગયા હતા. ત્યારબાદ સેલવાસ રોડ પર એક ગાર્મેન્ટ કંપનીની સામેથી બે બાઈક પર જતાં ચાર યુવકોને એસયુવી કારચાલકે ટક્કર મારી હતી. ટક્કર વાગતાં ચારેય યુવાનાા ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માત બાદ એસયુવી કાર થોડે આગળ જઈ અને ડિવાઈડર સાથે ટકરાઈને ઉભી રહી ગઈ હતી અને કારચાલક ત્યાંથી નાસી છુટ્યો હતો. મુતકોના નામ વિવેક વનરાજ ગોદાણી, દિલીપ ભીમસિંહ ત્રિવેદી, વિપીન રાજેશ ત્રિવેદી, અજયકુમાર શ્રીમાળી, હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસને જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

મેગ્નેટમાં ''ઈકોમર્સ'' વિજેતા

કોલેજ જીવન એટલે મસ્તી-મોજ સાથે સર્જનાત્મકતા અને કૌશલ્યને ખિલવવાની અનેરી તક. યુવા જોશને આ સમયે જો યોગ્ય દિશા મળે તો દુનિયાને નવી ક્ષિતિજો મળે. ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિના સુપેરે કંઈક નવુ, નોંખુ અને સમાજ માટે ઉપયોગી બની શકે તેવું સર્જન પ્રસ્તુત કરતું પ્રદર્શન ''મેગ્નેટ'' યોજાયું હતું. હાલના નોટબંધીના માહોલમાં કાળા બજાર તથા ભ્રષ્ટાચારને નાથી પારદર્શક નાણાંકીય વ્યવહારો તરફ દેશના અર્થતંત્રને લઈ જવાના સરકારના સ્તુત્ય પ્રયાસ માટે અનિવાર્ય એવા ''ઈ-કોમર્સ'' અંગેના પ્રોજેક્ટને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતુ. આ પ્રોજેક્ટ બીબીએ કોલેજની વિદ્યાર્થીની ધાર્વી પરમારના નેતૃત્વમાં નિકુંજ માલવિયા, આરતી મેર, પૂજા મેર, એકતા મહાલા, ક્રિશ્ના દધાંણિયા તથા કાજલ બિનામાએ તૈયાર કર્યો હતો જેઓને વિજેતા ટ્રોફી તથા પ્રમાણપત્રથી સન્માનવામાં આવ્યા હતા.

મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

નૃત્ય નાટ્ય અકાદમી દ્વારા એમને વર્ષ ૨૦૦૭નો ગૌરવ પુરસ્કાર પણ એનાયત થાય છે. તો વળી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી વર્ષ ૨૦૦૫ નો ''મેયર એવોર્ડ'', જાહેર જીવનના પ્રતિભાસંપન વ્યક્તિ તરીકે 'સાબરકાંઠા એવોર્ડ', રંગભૂમિમાં આજપર્યંત સુદીર્ઘ કાર્ય માટે 'કમળાશંકર પંડ્યા એવોર્ડ' ઉપરાંત ગુજરાતના ફિલ્મ ઉદ્યોગમાં બે દાયકા સુધી અનેક ફિલ્મોમાં અભિનય, લેખક, નિર્માતા અને દિગ્દર્શક તરીકે જુદા જુદા સમયે તેમને ૧૩ જેટલા ફિલ્મ એવોર્ડ્સથી પણ રાજ્ય સરકાર દ્વારા સન્માનવામાં આવ્યા છે. પરંતુ સૌથી મોટો એવોર્ડ એમણે જે મેળવ્યો છે એ છે ગુજરાતની પ્રજાનો અવિસ્મરણીય પ્રેમ, આદર અને શ્રદ્ધા.

આમ જીવનની એક ઉંચાઈએ પહોંચ્યા પછી માણસ બની રહેવું ખૂબ અઘરું હોય છે પરંતુ ઉપેન્દ્રભાઈએ એક માણસ બનીને, માણસ અને એક કલાકાર તરીકે પોતાની પરિપક્વતા સિદ્ધ કરી છે. આથી જ એમના ગુરુ ચન્દ્રકાંત ભટ્ટ લખે છે કે ઉપેન્દ્ર આવડો મોટો કલાકાર પણ ઘેર આવે તો રસોડા સુધી પહોંચી જાય, છોકરાઓ હારે છોકરા જેવો, દસ મિનિટ બેસે ત્યાં તો તેના મિજાજથી આખું વાતાવરણ મઘમઘી ઊઠે, કોઈ વાતની નાનપ નહી, આપણી હારે આપણા જેવો. અમારે મન ઉપેન્દ્ર એટલે ઘરદીવડો.

આમ દેહ, મન અને પ્રતિભા ત્રણેય પ્રકારનું અપ્રિતમ સૌન્દર્ય ધરાવતા આ કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદી ગુજરાતી રંગમંચ, ગુજરાતી ચિત્રપટ અને સામાજિક, રાજનીતિક, સાહિત્યિક ક્ષેત્રે પણ એક અવિસ્મરણીય પ્રતિભા તરીકે હંમેશાં યાદ રહેશે. ગઈ વીસમી સદીના ગુજરાતી રંગભૂમિ અને ચિત્રપટના મહાનાયક અને અભિનયના ચક્રવર્તી સમ્રાટ તરીકે લોકોના હદયમાં હંમેશાં ધબકતા રહેશે.

-9426060601.india@gmail.com

રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

એમ સમજીને વાંચ્યા ના કરવું એ બહેતર...! બાકી તો ઘણા ખુબ વાંચીને પણ ગમાર રહેનારા હોય જ છે ને ?!

એકવાર વાંચનની ટેવ પડે એટલે આપણા જીવડાને કયું વાંચન માફક આવે છે એનું નોટીફીકેશન ઓટોમેટીક આપણો માહ્યલો આપવા જ માંડતો હોય છે એટલે શું વાંચવું અને કેટલું વાંચવું કે પછી વાંચવું કે નહિ એ ૧૦૦ માર્કના પ્રશ્નનો જવાબ ઓટોમેટીક મળતો થઈ જ જાય, પણ હા, એ જવાબ મેળવવા માટે પણ એકવાર જે હાથમાં આવે એમાં નજર ખુપાવતા શીખવું તો પડે જ. સરવાળે અને અમુક નિકમ્મા વાંચનમાં કલાકો વેડફ્યા પછી સમજાવા માંડે કે યસ્સ્સ્સ આ વંચાય..આ આપણા રૂદિયાને ટાઢક આપશે..!!! સારું વાંચવું અને ખાસ તો એ વાંચનમાંથી કશુક પામવા મળે એવું વાંચવું એની ટેવ પાડી શકો તો ભયો ભયો થઈ જાય. એવું બને કે તમારો વાંચનરસ કોઈ એક ચોક્કસ જોનર કે શૈલી તરફ જ ફંટાય જાય, પણ ડોન્ટ બી અફ્રેડ, કેમકે એવું જરૂરી નથી કે તમારા માંહ્યલાની વાંચનભૂખને બધું જ માફક આવે પણ મહત્વનું છે કે એને માફક આવે એ જ વંચાય એ વધુ સારું... કેમકે જેમ કવિ કાન્તે કહ્યું હતું એમ 'વાચનનું સુખ ઘણાં પુસ્તકોથી નહિ પણ ઘણા વાચનથી જ પ્રાપ્ત થાય છે'

વિસામો :

વાચન એ તો આરસપહાણ છે. વ્યક્તિ તેમાં રસ ધરાવે ત્યારે તેની મૂર્તિ ઘડાય છે. વાચનથી બાહ્ય દેહ મળે છે અને મનનથી તેના આત્માને અર્થાત સારતત્વને પામી શકાય છે.

— જ્હોન લેક

ગેંગ પકડાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જીઈબી કોલોની મકાન નં. ઈ-૩-૪ ખાતે રહેતા નરેન્દ્ર માનસિંગ રાઠોડ અને અમદાવાદ હાંસોલના હરેશ ભાગચંદ બાલચંદાણીની ધરપકડ કરી લેવામાં આવી છે. ચારેયની ધરપકડ કરી રૂપિયા ક્યાંથી ચેન્જ કરાવ્યા અને કોના રૂપિયા હતા તે સહિતની તપાસ શરૂ કરીને આયકર વિભાગની જાણ કરવા કાર્યવાહી આરંભી છે.

ચેતનાનો સંચાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપાના ભવ્ય વિજય અંગે અભિનંદન આપતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપાનો ક્યાંય પણ વિજય થાય તો તેની આખા દેશના રાજકારણ ઉપર એક આગવી અસર પેદા થતી હોય છે. ભૂતકાળમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો તથા તેની અસર અંગે પ્રધાનમંત્રીએ આ ક્ષણે પ્રસંગોચિત યાદ અપાવી હતી.

નોટબંધી અંગે મહત્વની જાણકારી આપતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, નોટબંધીના નિર્ણયના લીધે દેશના અર્થકારણમાં એક નવી ચેતનાનું સર્જન થશે. રિઝર્વ બેંકના એક સર્વેક્ષણ અનુસાર ૧૦૦૦રૂ.ની ચલણમાં ફરતી ૨/૩ નોટ્સ તથા ૫૦૦ રૂ.ની ચલણમાં ફરતી ૧/૩ નોટ્સ ક્યારેય રિઝર્વ બેંકમાં પરત ફરતી નથી અને આ નોટ્સ કાળા નાણા રૂપે દેશમાં ક્યાંકને ક્યાંક જમા થતી રહે છે. રૂપિયાનું મૂલ્ય આ કાળા નાણાના ફેલાવાના લીધે સતત ઘટતુ જતુ હતુ. આવા સંજોગોમાં દેશહિતને માટે તથા દેશના સામાન્ય નાગરિકના ઉજ્જવળ ભવિષ્ય માટે નોટબંધીનો નિર્ણય લેવાયેલો છે. કેશલેસ કરન્સીની સરળતા તથા ડીજીટલ ટ્રાન્ઝેક્શન અંગે ધ્યાન દોરીને તેને સામાન્ય વહીવટમાં સમાજમાં પ્રચલિત કરવા માટે સાંસદો, ધારાસભ્યો તથા સંગઠનમાં સૌએ સામુહિક પ્રયત્ન કરવા ઉપર પ્રધાનમંત્રીએ વિશેષ ભાર મુક્યો હતો.

ઉમેદવારો મેદાનમાં.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં સરપંચ પદ માટે ૧૨૬ અને વોર્ડના સભ્યપદ માટે ૫૧૧ ઉમેદવારી પત્રો ભરાયા છે.

ગાંધીનગરમાં સરપંચ પદ માટે ૭૬ અને સભ્યપદ માટે ૩૫૪ મળી કુલ ૪૩૦ ઉમેદવારીપત્રો ભરાયા છે. કલોલમાં ૧૪ સરપંચ પદ માટે અને ૧૧૮ પંચાયતના સભ્યપદ માટે મળી કુલ ૧૩૨ ઉમેદવારી પત્રો અને માણસામાં ૨૨ સરપંચપદ માટે અને ૧૧૧ સભ્યપદ માટે મળી કુલ ૧૩૩ ઉમેદવારી પત્રો ભરાયા છે.

આજે અંતિમ દિવસ ઉમેદવારીપત્ર ભરવાનો હોવાથી લોકો વહેલી સવારથી જ તાલુકા મથક પર ઉમટી પડયા હતા. ઘણા બધા ગ્રામ્ય વિસ્તારમાં વોર્ડ કરતાં સરપંચપદ માટે વધુ ઉમેદવારો જોવા મળી રહ્યા છે.

ઓછા ભરાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની કામગીરી પમી ડિસે.થી શરૂ થઈ હતી અને આજે ૧૦મી ડિસે.ના રોજ તે પૂર્ણ થઈ છે.

હવે ઉમેદવારી પત્રોની ચકાસણી ૧૩મીએ થશે જ્યારે ૧૪મીએ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે.

ગ્રામ્ય વિસ્તારોમાં અત્યાર સુધી ઉમેદવારી કરવા માટે બેઠકોનો સિલસિલો હતો હવે ૧૪મી સુધી ઉમેદવારી પત્ર પાછુ ખેંચવા માટે દબાણની રાજનીતિની બેઠકોનો સિલસિલો શરૂ થયો છે.